(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



# જીટીયુનો પુરસ્કાર સમારંભ યોજાયો

## પુરસ્કાર સમારંભની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો : સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવીએ લોકગીતની રમઝટ બોલાવી







ગાંધીનગર, તા. ૩

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આજે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે બીજો પુરસ્કાર સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓએ વિવિધ રંગારંગ કાર્યક્રમો રજૂ કર્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો બીજો પુરસ્કાર સમારંભ યોજાયો હતો. જેમાં કોલેજમાં એક વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ઉત્તીર્ણ થનાર અને કોલેજનું ગૌરવ વધારનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી આમંત્રિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક, પશ્ચિમ ડાન્સ, ગ્રુપ ડાન્સ, ફોક ડાન્સ, આદિવાસી ડાન્સ, ક્વીઝ, ડીબેટ, માઈમ, મિમિક્રી, ચિત્ર, તાત્કાલિક ચિત્ર, રંગોળી, મોડેલીંગ, કાર્ટૂન વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શીત કર્યું હતું.

કાર્યક્રમના અંતે લોકગાયક કલાકાર આદિત્ય ગઢવી અને ગુજરાત સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવીએ લોકગીતની રમઝટ બોલાવી હતી. ઉપરાંત સ્પીરીટ જી.ટી.યુ. સ્પોર્ટસ ફેસ્ટીવલનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી, જી.ટી.યુ. કુલપતિ ડૉ. અક્ષય અગ્રવાલ, રજીસ્ટ્રાર વી.જી. વડોદરીયા, ગુજરાત રાજ્ય એન.સી.સી.ના એડીજી, મેજર જનરલ દિલાવરસિંહ, એન.એસ.એસ.ના કમલકુમારકર અને મહેશ ત્રિવેદી તેમજ પ્રોજેક્ટ ઓફિસર ભાવિતા શુક્લા ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠાના ધડકણ ગામે પાટીદાર સમાજના કુળદેવી ઉમિયા માતાજીનો ૧૦મો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. પાટોત્સવમાં સમસ્ત ગ્રામજનો જોડાયા હતા. જેમાં ૧૬ યજમાનોએ ભાગ લીધો હતો. મજરા ચોકડીથી તલોદ રોડ ઉપર આવેલ ધડકણ ગામમાં ઉમિયા માતાજીનો ૧૦મો પાટોત્સવ યોજાયો હતો. પાટોત્સવમાં ૧૬ યજમાનોએ હવનમાં બેસી લાભ લીધો હતો. આ પ્રસંગે સમસ્ત ગામ ભકિતમય બની ગયું હતું. તેમજ રાત્રે ભવ્ય રાસ ગરબા યોજાયા હતા. આ રાસ ગરબામાં ભુલકાઓથી લઈને મોટેરાઓએ માતાજીના નામના પાંચ આંટા માર્યા હતા આ પ્રસંગ જગદીશભાઈ મુખીના યજમાન પદે યોજવામાં આવ્યો હતો.

### માણસામાં ચામડીના રોગોનો મફત નિદાન કેમ્પ

આનંદીમાનો વડલો પાલઈ વિઘ્નેશ્વરી ધામ માણસા ખાતે મહિનાના પ્રથમ રવિવારે યોજાતા ચામડીના રોગનો મફત નિદાન કેમ્પ આજરોજ રવિવારે બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન આનંદીમાનો વડલો માણસા ખાતે યોજાશે. કેમ્પમાં ચામડી, ગુપ્તરોગો, રક્તપિત્ત, કોસ્મેટીક રોગના નિષ્ણાત ડૉ. ગૌરવ પટેલ સેવા આપશે.

### ભાવ વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવાયો છે. ગાયના દુધમાં પણ ૫૦૦ મિલી એ ૫૦ પૈસાનો વધારો કરી ૧૯ રૂપિયા કરી દેવાયો છે. જયારે મધુર ટી સ્પેશ્યલ દુધમાં અત્યાર સુધી એક લીટરે રૂ.૪૦ નો ભાવ હતો જેમાં રૂ.૨ નો વધારો કરી દેવામાં આવ્યો છે.

જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડિરેક્ટરના જણાવ્યામુજબ દુધના પેકીગમાં જયાં સુધી જુનો વેચાણ ભાવ ચપયેલો હોય ત્યાં સુધી આ સ્ટોકનો ઉપયોગ કરવામાં આવશે. રોજબરોજ જીવન જરૂરીયાતમાં ઉપયોગી અને અનિવાર્ય દુધનો ભાવ વધતા ગાંધીનગર વાસીઓએ આર્થિક ફટકો સહન કરવો પડશે. બીજી તરફ ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ જશે. દુધના ભાવ વધારાના લીધે અન્ય આનુસંગિક ખાદ્ય સામગ્રીઓનો ભાવ પણ પ્રભાવમાં આવશે અને આગામી દિવસોમાં ચાની ચુસ્કી પણ થોડી બેસ્વાદ બનશે.

### સમયસર ચોમાસુ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેને પહોંચી વળવા માટે કેન્દ્રીય કૃષિ વિભાગે સોમવારે એક મહ્ત્વની બેઠક બોલાવી હતી. કૃષિ કમિશનર જે.એસ. સંધુએ જણાવ્યું હતું કે શરદ પવારનાં નેતૃત્વ હેઠળ આજે કૃષિ મંત્રાલય અને હવામાન વિભાગની એક મહત્વની બેઠક બોલાવી હતી. જેમાં આગામી ચોમાસાની સ્થિતિ વિશે ચર્ચા અને વરસાદ ઓછો આવે તો કયાં પાક વાવણી કરી શકાય તે વિશે ચર્ચા કરવામાં આવી હતી.

સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે દેશમાં અત્યારે ૧૦ અબજ કયુબીક મીટર પાણી સંગ્રહ કરેલું છે જે ગત વર્ષની તુલનાએ થોડું વધારે છે. કૃષિ મંત્રાલયે પણ ઓછા વરસાદમાં કયાં પાક લઈ શકાય તે માટે કન્ટીજન્સી પ્લાન બનાવી રાખ્યો છે. આ ઉપરાંત દરેક રાજયમાં બિયારણ, પાણીનો સંગ્રહ અને અંદાજી વરસાદના આંકડાઓ સાથેનું આયોજન ધર્યું છે અને એ માટની તૈયારીઓ પણ કરી છે.

### કોન્સ્ટેબલ સસ્પેન્ડ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીયરનો જથ્થો મળી આવ્યો હતો. બીયરનો જથ્થો ગાડીમાં હેરાફેરી કરનાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પોલીસ મથક માં ફરજ બજાવતો એક પોલીસ કોન્સ્ટેબલ જ હતો. વરસોડા ગામમાં રહેતા કોન્સ્ટેબલ વિજયસિંહ ઈશ્વરસિંહ ચાવડા અને તેની સાથે ગાંધીનગરના બે સાગરીતો નરેન્દ્ર સિસોદિયા અને જયપાલ ચુંડાવત શામળાજી પોલીસના હાથે ઝડપાઈ જતા પોલીસે ત્રણેયની રૂ.૩.૫૪ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને ડી તપાસ શરુ કરી હતી.કોન્સ્ટેબલ લેકાવાડાના એક બુટલેગર માટે કામ કરતો હતો તેવી હકીકતો -નથમિક તપાસમાં ખુલવા પામી છે.ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલે આ મામલે જણાવ્યું છે કે કોન્સ્ટેબલને રેન્જની બહાર બદલી કરીને તેને સસ્પેન્ડ કરવામાં આવશે.

### ગ-માર્ગને ચકાચક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવરી લેવાશે. માર્ગ નવીનીકરણની આ યોજના અન્વયે લાંબા સમય બાદ ગ-માર્ગનું પણ કામ હાથ ધરાશે. નવવિકિસત વસાહતની સાથે આ માર્ગના રૂટમાં હવે મહાત્મા મંદિર પણ અસ્તિત્વમાં આવતા ગ-માર્ગ પર ટ્રાફિકની અવર-જવર વધી ગઈ છે. આગામી બે દિવસમાં જ ગ-માર્ગને ટનાટન બનાવવાનું કામ શરુ કરી દેવામાં આવનાર છે.આ કામગીરી પાછળ રૂ.૫ કરોડનો ખર્ચ થશે. શહેરના રસ્તાઓની સુધારણા માટે તંત્ર દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં બાકી રહેતા માર્ગોને ચકાચક બનાવવાનું પણ કામ હાથ ધરાશે.

### કેસર કેરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલમાં છુટક પાકી કેરીનો ભાવ કિલોના રૂ. ૧૦૦ની આસપાસ બોલાઈ રહ્યો છે જયારે કાચી કેસર કેરીના ૧૦ કિલોના બોકસનો ભાવ રૂ. ૫૦૦ છે કાચી કેરીનું બોકસ લીધા બાદ તે કેરીને પકાવવા માટે લાંબો સમય રાહ જોવી પડે છે જેથી ગ્રાહકો હાલમાં છુટક કેરી લઈને કેરીનો સ્વાદ માણી રહ્યા છે.

તાલાલા પંથકની કેસર કેરીની આગામી સીઝનનો તાલાલા માર્કેટીંગ યાર્ડ તા. ૬ મંગળવારથી શુભારંભ થઈ રહ્યો હોઈ તાલાલા માર્કેટીંગ યાર્ડમાં આ માટેની સંપૂર્ણ તૈયારીઓ થઈ રહી છે. તાલાલા પંથકની સુપ્રસિધ્ધ કેસર કેરીનો પાક અનુકુળ આબોહવાને અભાવે પાછોતરો થયો હોય જેના કારણે તાલાલા પંથકમાં આ વર્ષે ૨૧ દિવસ કેસર કેરીની સીઝન મોડી શરુ થઈ છે. ગત વર્ષ તા. ૧૬મી એપ્રિલ તાલાલા માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની જાહેર હરરાજીનો શુભારંભ થયો હતો. આ વર્ષે પાછોતર પાકને કારણે તા. ૬ઠ્ઠી મેથી કેસર કેરીની સીઝન ચાલી હતી. આ દરમિયાન દશ કિલોગ્રામના કુલ ૧૧ લાખ ૮૫ હજાર ૦૮૬ કેસર કેરીના બોકસની આવક થઈ હતી અને ખેડૂતોને સરેરાશ એક બોકસનો રૂ. ૨૪૫ લેખે વેચાણભાવ પ્રાપ્ત થયા હતા. જેનાથી તાલાલા પંથકના કેસર કેરીના ઉત્પાદકો કિસાનોને સંતોષ થયો હતો. તાલાલા યાર્ડના સુત્રોના જણાવ્યા પ્રમાણે ગત વર્ષે તાલાલા યાર્ડમાં પ્રથમ દિવસે ૧૦ કેજીના ૩૨૫૦ કેસર કેરીના બોકસ વેચાણ માટે આવ્યા હતા. જે પૈકી સારી ક્વોલેટીની કેરીના એક બોકસનો ભાવ રૂ. ૫૫૦ રહ્યો હતો જયારે નબળી કેરીના બોકસનો ભાવ રૂ. ૨૦૦ રહ્યો હતો.

તાલાલા પંથકમાં આ વર્ષે કેસર કેરીના પાકને વાતાવરણે ભારે નુકશાન કર્યુ છે. કમોસમી વરસાદને કારણે કેરીનો પાક પાછો ધકેલાઈ ગયો તેમજ કરા સાથે કમોસમી વરસાદે પાકનું વ્યાપક ધોવાણ કરી નાખ્યું હોય કેસર કેરીનો પાક આ વર્ષે ઓછો થવાનો અંદાજ અનુભવીઓએ વ્યકત કર્યો છે. તાલાલા માર્કેટીંગ યાર્ડમાં મંગળવારથી શરુ થઈ રહેલ કેસર કેરીની સીઝન પ્રારંભમાં ધીમી રહેશે પરંતુ ૧૫મી મે બાદ કેસર કેરીના વેચાણમાં આવતા બોકસમાં નોંધપાત્ર વધારો થશે તેમ તાલાલા પંથકના વિવિધ ગામના કેસર કેરીના ઉત્પાદક નિશાનો પાસેથી જાણવા મળે છે.

### આઈલેન્ડ બનાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાઈડ પર જતા ટ્રાફિક જામની સાથે માર્ગ સલામતી જોખમાતી હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ ટ્રાફિકને યોગ્ય રીતે મેનેજ કરવા તંત્ર દ્વારા સર્કલ આસપાસ ટ્રાફિક આઈલેન્ડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે પ્રાયોગિક આઈલેન્ડ ટ્રાફિકની દ્રષ્ટિએ સાનુકુળ હોવાનું સ્પષ્ટ થયું છે ત્યારે પાટનગર યોજના વિભાગે સર્કલની બીજી તરફ પણ આ પ્રકારનો આઈલેન્ડ બનાવવાનો નિર્ણય લીધો છે. ટૂંક સમયમાં જ અન્ય એક ટ્રાફિક આઈલેન્ડ બનાવવાનું કામ હાથ ધરી દેવાશે.

### શબ્દાવલી - ૫૩૮૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ■ | | ■ | ૮ | |
| | ■ | ૯ | ૧૦ | | ૧૧ | ■ | |
| ■ | ૧૨ | ■ | | ■ | ૧૩ | ૧૪ | ■ |
| ૧૫ | | | | ■ | ૧૬ | ■ | ૧૭ |
| ■ | | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | | ■ | ૨૨ | ■ | |
| | ■ | | ■ | ૨૩ | | ■ | |

**આડી ચાવી**

૧. પરાયા, પોતાના ના હોય તેવા (૩)
૪. આતુરતા, તરફડાટ (૪)
૭. મશ્કરી, ટીખળ (૩)
૮. ધક્કા, આંટાફેરા (૨)
૯. આકૃતિ, ઘાટ, નકશો (૪)
૧૩. કાજે, માટે (૨)
૧૫. ગૃહકાર્ય (૪)
૧૬. કેળાને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૮. જુસ્સો, તરવરાટ (૨)
૧૯. ઉછાળો, ઉભરો (૨)
૨૦. પ્રણાવી, પરંપરા (૪)
૨૩. ભગવાન, ખુદા (૨)

**ઊભી ચાવી**

૧. તુચ્છ, હલકું (૩)
૨. છુટ્ટી, રવિવારનો દિવસ(૨)
૩. ચીભડું, કુકુમ્બર (૩)
૪. જાડુ ગાડલુ, ગાદી (૩)
૫. ખાજા, એક વાનગી (૨)
૬. ખત, પત્ર (૩)
૧૦. ખુબ રોશની, ભભકો (૫)
૧૧. બુરખો (૩)
૧૨. સ્મશાનઘાટ (૪)
૧૪. નનામી, મૈયત (૩)
૧૭. અણસમજુ (૪)
૨૦. રહેઠાણ, મકાન (૨)
૨૧. મજલો, મંજીલ (૨)
૨૨. હોઠ, ઓષ્ઠ (૨)

### શબ્દાવલી ૫૩૮૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંધારૂ (૪) મુરતિયો (૮) તરાપ (૯) કાવડિયા (૧૦) રવી (૧૧) રાબ (૧૨) પાવલો (૧૩) પંથક (૧૫) જોશ (૧૭) ચાડ (૧૮) ઉપકાર (૨૦) કૃપણ (૨૧) તડીપાર (૨૨) માઇક

**ઊભી ચાવી :-** (૧) અંતર (૨) ધારાવી (૩) રૂપ (૪) મુકાબલો (૫) રવ (૬) તિડિ (૭) યાયાવર (૧૧) રાવ (૧૨) પાક (૧૩) પંચાયત (૧૪) થડ (૧૫) જોકા (૧૬) શરણાઇ (૧૮) ઉપર (૧૯) પણ (૨૦) કૃપા

ટચૂકડી જાહેર ખબર

**ફ્લેટ ભાડે આપવાનો છે**

ઉમિયા કોમ્પલેક્ષ, D/9-10-11, કુડાસણ, પ્રતિક મોલની પાસે
સંપર્ક કરો
મો. : ૯૮૨૫૫ ૨૩૩૦૯

**પર્સનલ/ગૃપ ટ્યુશન**

૧૨ વર્ષના અનુભવી શિક્ષકો દ્વારા ધો. ૮,૯, ૧૦ના ગુજરાતી માધ્યમના ટ્યુશન ઘરે આવીને પણ આપવામાં આવશે. ગુણવત્તા યુક્ત પરિણામની ગેરંટી સાથે
સંપર્ક :
૯૪૨૯૮ ૭૧૭૭૮
૯૪૨૯૮ ૭૧૭૭૯

### વગેરે... વગેરે...

● પાન નં. ૨નું ચાલુ

કરે!!! માચીસનું ચપ્પા ચપ્પા ચરખા ચલે કે દીલ સેનું ચલ છ્ય્યા છ્ય્યા. બંટી બબલીનું કજરારે કે ઓમકારાનું ગરમાગરમ છતાય અર્થપૂર્ણ બીડી જલાઈ લે જેવા રમતિયાળ ગીતોમા પણ એમની કલમમાથી નીકળતા નવીન શબ્દો સાંભળતા વેત જ આપણા કાન ને જંકૃત કરી મુકે. એ જ પાછો મેરા કુછ સામાન, નામ ગુમ જાયેગા, તુજસે નારાઝ નહિ જીન્દગી જેવા ગીતોની સાથે સાથે થોડી સી બેવફાઈ નું 'હઝાર રાહે મૂડ કે દેખી' જેવું ગીત પણ લખી શકે છે . ગ્રેમી અને એકેડમી એવોર્ડ વીજેતા સ્લમડોગ મિલિયોનરનું જય હો એ ભારતીય સંગીત અને ગીતનું નામ વિશ્વભરમા ગુંજતું કરેલું. અને આ બધા ખાલી ગીત નહિ પણ એક સાંગોપાંગ કવિતા જ જોઈ લ્યો . સચીનદાથી વિશાલ ભારદ્વાજ અને એ.આર.રહેમાન સુધી ગુલઝાર પોતાના શબ્દો સાથે બાંધ છોડ કર્યા વગર એક પછી એક નવીનતાસભર ગીતો આપણને આપતા રહ્યા છે.

ફિલ્મી ગીતોથી પરે ગુલઝારસાબે કવિતામા એક નવો પ્રયોગ કર્યો જે હતો 'ત્રિવેણી (કપલેટ)'. કવિતાના સામાન્ય ઢાંચાથી વિપરીત ત્રિવેણીમા ફક્ત ત્રણ જ લાઈન્સમા પોતાની વાત રજુ કરાય છે અને એ પણ મિસરામા. પહેલી બંને લાઈનો એકબીજાની આનુસાંગિક હોય પણ ત્રીજી લાઈન આખી વાતને એક જુદી જ દિશા આપે, એક એવો વળાંક આપે કે વાચનાર કે સાંભળનારથી વાહ કે દાદ અપાય જ જાય. 'રાત કે પેડ પે કલ હી આયા થા ચાંદ, બસ પક કે ગિરને હી વાલા થા..., સુરજ આયા થા જરા ઉસકી તલાશી લેના 'ગુલઝારસાબની ત્રીવેણીઓને પોતાના મખમલી અવાજમાં રજુ કરીને સ્વ. જગજીતસિંહે તો 'કોઈ બાત ચલે' નામે એક આલ્બ્મ બહાર પાડેલું . આલ્બમની જ વાત નીકળી છે તો ગુલઝારસાબે ઘણા જ નોન ફિલ્મી આલ્બમો કર્યા છે જેમાંથી આશા-આર.ડી. સાથે દીલ પડોશી હૈ, વિશાલ ભારદ્વાજ-ભુપીન્દર સાથે સનસેટ પોઈન્ટ, ભૂપેન હઝારિકા સાથે મૈ ઓર મેરા સાયા, જગજીત સાથે મરાસમ, પ્રખર પંજાબી કવિયત્રી અમૃતા પ્રીતમની યાદ મા એના જ નામનું એક આલ્બમ જેવા નામો ઉલ્લેખનીય છે. ૧૯૭૮ મા ગુલઝારે દિગ્દર્શિત કરેલી અને દુરદર્શન પર પ્રશારિત થયેલી નસુરીદીનના ક્લાસિક અભિનયથી આજે પણ જોવી ગમે એવી ટી.વી.સીરીયલ મિર્ઝા ગાલીબ ઉર્દૂ શાયરના જીવન અને ઉર્દૂ શાયરીનો સેલ્યુંલોડ દસ્તાવેજ ગણી શકાય.

આંધી જેવી એકાદ ઘટના સિવાય વિવાદનું ગુલઝારના જીવનમા કોઈ સ્થાન રહ્યું નથી. મીનાકુમારી સાથે એમની દોસ્તી ચર્ચાને ચાકડે ચડેલી . મીનાકુમારી પણ અચ્છી કવિયત્રી હતી પણ એણે ક્યારેય પોતાની ગઝલો જાહેરમાં રજુ નહોતી કરેલી . કહેવાય છે કે મરતી વખતે મીનાકુમારીએ પોતાની કવિતાની ૨૫ જેટલી ડાયરીઓ ગુલઝાર ને આપેલી . એક વખત એવો પણ વિવાદ થયેલો કે ગુલઝારના મોટા ભાગના ગીતોના મુખડા કે અંતરા મીનાકુમારીની એ અપ્રકાશિત કવિતાઓમાંથી લેવાયેલા છે જો કે પછીથી ગુલઝારે મીનાકુમારીની આ ગઝલોનું -કાશન કરાવેલું ત્યારે વિવાદ શાંત થયેલો . વ્યક્તિગત જીવનમા પણ રાખી જેવી સ્મ્વેદનશીલ સ્ત્રી સાથેનો ગુલઝારનો ઘરસંસાર ત્રણેક વર્ષથી વધુ ના ચાલ્યો . આજે પણ વર્ષોથી બંને અલગ રહે છે પણ સંબંધોમા શાલીનતા બરકરાર છે . હવે તો બંનેનું એક માત્ર સંતાન મેઘના ગુલઝાર ( બોસ્કી )પણ મા-બાપના કલાવારસાને આગળ ધપાવી રહી છે . એક મુલાકાતમા ગુલઝારે કહેલું કે વિશાલ ભારદ્વાજ અને એ.આર.રહેમાન જેવાઓ એ મને ફિલ્મી દુનિયામાં ટકાવી રાખ્યો અથવા તો એમ કહો ને કે ઝકડી રાખ્યો તો મારા દોહિત્ર સમય ને લીધે હુ લખતો રહ્યો . કલાજગતના સર્વોચ્ચ સન્માન દાદાસાહેબ ફાલ્કે એવોર્ડ વીજેતા આ નખશીખ જેન્ટલમેન અને પ્યોર હાર્ટેડ શાયરની કલમમાથી આપણને હજુ પણ અર્થપૂર્ણ અને ચિરકાલીન ગીતો મળતા રહે એ જ પ્રાથના !!!

**રીમાઈન્ડર**

'મૈ સીગરેટ તો નહિ પીતા, મગર હર આને જાનેવાલો કો પુછ લેતા હુ કી ' માચીસ હૈ ?.. બહોત કુછ હૈ જિસે મૈ ફૂંક દેના ચાહતા હુ - ગુલઝાર

### વિધાનસભા મતવિસ્તારમાં મતદાનની ટકાવારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

| મતદાન મથક નંબર | અને નામ | ટકાવારી | મતદાન મથક નંબર | અને નામ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૯૬ | ગાંધીનગર-૧૬, સે. ૩ | ૭૧.૭૮ | ૧૬૦ | ગાંધીનગર-૮૦, સે.૨૧ | ૬૩.૬૧ |
| ૯૭ | ગાંધીનગર-૧૭, સે. ૩ | ૬૮.૫૦ | ૧૬૧ | ગાંધીનગર-૮૧, સે.૨૨ | ૫૩.૨૫ |
| ૯૮ | ગાંધીનગર-૧૮, સે. ૩ | ૬૭.૧૮ | ૧૬૨ | ગાંધીનગર-૮૨, સે.૨૨ | ૫૫.૬૬ |
| ૯૯ | ગાંધીનગર-૧૯, સે. ૩ | ૭૦.૩૯ | ૧૬૩ | ગાંધીનગર-૮૩, સે.૨૨ | ૬૮.૩૩ |
| ૧૦૦ | ગાંધીનગર-૨૦, સે. ૩-એ (ન્યુ) | ૬૦.૭૦ | ૧૬૪ | ગાંધીનગર-૮૪, સે.૨૨ | ૭૮.૧૨ |
| ૧૦૧ | ગાંધીનગર-૨૧, સે. ૩-એ (ન્યુ) | ૬૩.૩૯ | ૧૬૫ | ગાંધીનગર-૮૫, સે.૨૨ | ૬૭.૪૬ |
| ૧૦૨ | ગાંધીનગર-૨૨, સે.૪ | ૬૬.૨૯ | ૧૬૬ | ગાંધીનગર-૮૬, સે.૨૩ | ૫૭.૨૪ |
| ૧૦૩ | ગાંધીનગર-૨૩, સે.૪ | ૬૭.૯૪ | ૧૬૭ | ગાંધીનગર-૮૭, સે.૨૩ | ૫૬.૬૦ |
| ૧૦૪ | ગાંધીનગર-૨૪, સે.૪ | ૬૫.૧૭ | ૧૬૮ | ગાંધીનગર-૮૮, સે.૨૩ | ૬૭.૫૨ |
| ૧૦૫ | ગાંધીનગર-૨૫, સે.૪ | ૬૯.૨૨ | ૧૬૯ | ગાંધીનગર-૮૯, સે.૨૩ | ૬૯.૮૦ |
| ૧૦૬ | ગાંધીનગર-૨૬, સે.૪ | ૬૬.૦૨ | ૧૭૦ | ગાંધીનગર-૯૦, સે.૨૪ | ૬૪.૮૯ |
| ૧૦૭ | ગાંધીનગર-૨૭, સે.૪ | ૬૩.૮૮ | ૧૭૧ | ગાંધીનગર-૯૧, સે.૨૪ | ૫૨.૧૦ |
| ૧૦૮ | ગાંધીનગર-૨૮, સે. ૫ | ૬૩.૫૬ | ૧૭૨ | ગાંધીનગર-૯૨, સે.૨૪ | ૫૮.૮૧ |
| ૧૦૯ | ગાંધીનગર-૨૯, સે. ૫ | ૬૬.૩૨ | ૧૭૩ | ગાંધીનગર-૯૩, સે.૨૪ | ૬૫.૮૦ |
| ૧૧૦ | ગાંધીનગર-૩૦, સે. ૫ | ૬૮.૬૫ | ૧૭૪ | ગાંધીનગર-૯૪, સે.૨૪ | ૬૩.૬૧ |
| ૧૧૧ | ગાંધીનગર-૩૧, સે. ૫ | ૬૨.૮૫ | ૧૭૫ | ગાંધીનગર-૯૫, સે.૨૪ | ૭૨.૩૦ |
| ૧૧૨ | ગાંધીનગર-૩૨, સે. ૫ | ૬૪.૭૪ | ૧૭૬ | ગાંધીનગર-૯૬, સે.૨૪ | ૬૮.૯૭ |
| ૧૧૩ | ગાંધીનગર-૩૩, સે. ૫ | ૬૮.૪૬ | ૧૭૭ | ગાંધીનગર-૯૭, સે.૨૪ | ૬૯.૪૫ |
| ૧૧૪ | ગાંધીનગર-૩૪, સે. ૫ | ૬૫.૧૫ | ૧૭૮ | ગાંધીનગર-૯૮, સે.૨૪ | ૬૭.૭૨ |
| ૧૧૫ | ગાંધીનગર-૩૫, સે. ૬ | ૫૯.૦૪ | ૧૭૯ | ગાંધીનગર-૯૯, સે.૨૪ | ૬૭.૮૮ |
| ૧૧૬ | ગાંધીનગર-૩૬, સે. ૬ | ૬૪.૪૧ | ૧૮૦ | ગાંધીનગર-૧૦૦, સે.૨૪ | ૭૫.૪૮ |
| ૧૧૭ | ગાંધીનગર-૩૭, સે. ૬ | ૭૧.૮૦ | ૧૮૧ | ગાંધીનગર-૧૦૧, સે.૨૫ | ૭૦.૦૫ |
| ૧૧૮ | ગાંધીનગર-૩૮, સે.૬ | ૭૩.૫૩ | ૧૮૨ | ગાંધીનગર-૧૦૨, સે.૨૫ | ૬૫.૫૦ |
| ૧૧૯ | ગાંધીનગર-૩૯, સે. ૬ | ૬૦.૬૭ | ૧૮૩ | ગાંધીનગર-૧૦૩, સે.૨૬ | ૫૯.૮૯ |
| ૧૨૦ | ગાંધીનગર-૪૦, સે. ૭ | ૬૦.૫૬ | ૧૮૪ | ગાંધીનગર-૧૦૪, સે.૨૬ | ૬૨.૮૪ |
| ૧૨૧ | ગાંધીનગર-૪૧, સે. ૭ | ૬૭.૨૯ | ૧૮૫ | ગાંધીનગર-૧૦૫, સે.૨૬ | ૭૦.૬૭ |
| ૧૨૨ | ગાંધીનગર-૪૨, સે. ૭ | ૬૬.૯૩ | ૧૮૬ | ગાંધીનગર-૧૦૬, સે.૨૬ | ૬૬.૯૭ |
| ૧૨૩ | ગાંધીનગર-૪૩, સે. ૭ | ૬૧.૦૪ | ૧૮૭ | ગાંધીનગર-૧૦૭, સે.૨૬ | ૬૮.૭૨ |
| ૧૨૪ | ગાંધીનગર-૪૪, સે. ૭ | ૬૬.૩૪ | ૧૮૮ | ગાંધીનગર-૧૦૮, સે.૨૬ | ૬૨.૭૦ |
| ૧૨૫ | ગાંધીનગર-૪૫, સે. ૭ | ૬૨.૮૧ | ૧૮૯ | ગાંધીનગર-૧૦૯, સે.૨૭ | ૭૫.૬૮ |
| ૧૨૬ | ગાંધીનગર-૪૬, સે. ૮ | ૬૯.૩૪ | ૧૯૦ | ગાંધીનગર-૧૧૦, સે.૨૭ | ૭૦.૯૩ |
| ૧૨૭ | ગાંધીનગર-૪૭, સે. ૮ | ૬૯.૫૬ | ૧૯૧ | ગાંધીનગર-૧૧૧, સે.૨૭ | ૬૯.૦૩ |
| ૧૨૮ | ગાંધીનગર-૪૮, સે. ૮ | ૬૫.૬૫ | ૧૯૨ | ગાંધીનગર-૧૧૨, સે.૨૭ | ૪૦.૨૪ |
| ૧૨૯ | ગાંધીનગર-૪૯, સે. ૯ | ૬૩.૬૪ | ૧૯૩ | ગાંધીનગર-૧૧૩, સે.૨૭ | ૬૬.૭૭ |
| ૧૩૦ | ગાંધીનગર-૫૦, સે. ૧૨ | ૬૧.૩૫ | ૧૯૪ | ગાંધીનગર-૧૧૪, સે.૨૮ | ૬૧.૭૬ |
| ૧૩૧ | ગાંધીનગર-૫૧, સે. ૧૨ | ૫૧.૨૫ | ૧૯૫ | ગાંધીનગર-૧૧૫, સે.૨૮ | ૩૫.૫૫ |
| ૧૩૨ | ગાંધીનગર-૫૨, સે. ૧૨ | ૬૪.૧૪ | ૧૯૬ | ગાંધીનગર-૧૧૬, સે.૨૮ | ૬૨.૫૦ |
| ૧૩૩ | ગાંધીનગર-૫૩, સે. ૧૩ | ૫૯.૩૨ | ૧૯૭ | ગાંધીનગર-૧૧૭, સે.૨૮ | ૪૫.૨૯ |
| ૧૩૪ | ગાંધીનગર-૫૪, સે. ૧૩ | ૫૯.૪૮ | ૧૯૮ | ગાંધીનગર-૧૧૮, સે.૨૮ | ૭૪.૭૨ |
| ૧૩૫ | ગાંધીનગર-૫૫, સે. ૧૩ | ૫૭.૫૦ | ૧૯૯ | ગાંધીનગર-૧૧૯, સે.૨૮ | ૬૩.૫૫ |
| ૧૩૬ | ગાંધીનગર-૫૬, સે. ૧૩ | ૬૭.૪૨ | ૨૦૦ | ગાંધીનગર-૧૨૦, સે.૨૯ | ૫૧.૫૦ |
| ૧૩૭એ | ગાંધીનગર-૫૭, સે. ૧૩ | ૬૬.૩૬ | ૨૦૧ | ગાંધીનગર-૧૨૧, સે.૨૯ | ૬૫.૭૧ |
| ૧૩૭ | ગાંધીનગર-૫૮, સે. ૧૩ | ૬૪.૧૬ | ૨૦૨ | ગાંધીનગર-૧૨૨, સે.૨૯ | ૬૨.૭૧ |
| ૧૩૮ | ગાંધીનગર-૫૯, સે. ૧૩ | ૬૫.૫૮ | ૨૦૩ | ગાંધીનગર-૧૨૩, સે.૨૯ | ૫૦.૯૬ |
| ૧૩૯ | ગાંધીનગર-૬૦, સે. ૧૪ | ૫૭.૪૭ | ૨૦૪ | ગાંધીનગર-૧૨૪, સે.૨૯ | ૪૪.૨૧ |
| ૧૪૦ | ગાંધીનગર-૬૧, સે. ૧૪ | ૬૩.૫૭ | ૨૦૫ | ગાંધીનગર-૧૨૫, સે.૨૯ | ૬૫.૧૯ |
| ૧૪૧ | ગાંધીનગર-૬૧, સે. ૧૪ | ૬૫.૨૫ | ૨૦૬ | ગાંધીનગર-૧૨૬, સે.૩૦ | ૪૬.૬૨ |
| ૧૪૨ | ગાંધીનગર-૬૨, સે. ૧૪ | ૬૩.૦૩ | ૨૦૭ | ગાંધીનગર-૧૨૭, સે.૩૦ | ૫૧.૦૧ |
| ૧૪૩ | ગાંધીનગર-૬૩, સે. ૧૪ | ૬૦.૩૮ | ૨૦૮ | ગાંધીનગર-૧૨૮, સે.૩૦ | ૬૨.૪૮ |
| ૧૪૪ | ગાંધીનગર-૬૪, સે. ૧૪ | ૬૮.૯૭ | ૨૦૯ | ગાંધીનગર-૧૨૯, સે.૩૦ | ૬૨.૨૯ |
| ૧૪૫ | ગાંધીનગર-૬૫, સે. ૧૫ | ૬૬.૧૯ | ૨૧૦ | ગાંધીનગર-૧૩૦, સે.૩૦ | ૫૦.૩૫ |
| ૧૪૬ | ગાંધીનગર-૬૬, સે. ૧૫ | ૬૬.૫૯ | ૨૧૧ | ગાંધીનગર-૧૩૧, જીઈબી | ૬૧.૮૧ |
| ૧૪૭ | ગાંધીનગર-૬૭, સે. ૧૬ | ૫૭.૨૪ | ૨૧૨ | ગાંધીનગર-૧૩૨, જીઈબી | ૬૬.૫૯ |
| ૧૪૮ | ગાંધીનગર-૬૮, સે. ૧૬ | ૫૫.૪૬ | ૨૧૩ | ગાંધીનગર-૧૩૩, જીઈબી | ૫૫.૨૪ |
| ૧૪૯ | ગાંધીનગર-૬૯, સે. ૧૭ | ૫૨.૧૬ | ૨૧૪ | ગાંધીનગર-૧૩૪, જીઈબી | ૬૨.૪૦ |
| ૧૫૦ | ગાંધીનગર-૭૦, સે. ૧૭ | ૫૯.૯૩ | ૨૧૫ | ગાંધીનગર-૧૩૫, આદી.૧ | ૭૧.૫૪ |
| ૧૫૧ | ગાંધીનગર-૭૧, સે. ૧૭ | ૫૩.૩૭ | ૨૧૬ | ગાંધીનગર-૧૩૬, આદી.૨ | ૬૦.૫૮ |
| ૧૫૨ | ગાંધીનગર-૭૨, સે. ૧૯ | ૫૬.૮૧ | ૨૧૭ | ગાંધીનગર-૧૩૭, બોરીજ-૧ | ૩૮.૭૮ |
| ૧૫૩ | ગાંધીનગર-૭૩, સે. ૨૦ | ૬૧.૫૮ | ૨૧૮ | ગાંધીનગર-૧૩૮, બોરીજ-૨ | ૬૧.૮૭ |
| ૧૫૪ | ગાંધીનગર-૭૪, સે. ૨૦ | ૫૭.૭૯ | ૨૧૯ | ગાંધીનગર-૧૩૯, ઈન્દ્રો.૧ | ૪૭.૫૯ |
| ૧૫૫ | ગાંધીનગર-૭૫, સે. ૨૦ | ૪૩.૯૨ | ૨૨૦ | ગાંધીનગર-૧૪૦, ઈન્દ્રો.૨ | ૫૯.૪૯ |
| ૧૫૬ | ગાંધીનગર-૭૬, સે. ૨૦ | ૬૯.૨૭ | ૨૨૧ | ગાંધીનગર-૧૪૧, ધોળાકુવા-૧ | ૭૬.૯૧ |
| ૧૫૭ | ગાંધીનગર-૭૭, સે. ૨૧ | ૫૨.૧૧ | ૨૨૨ | ગાંધીનગર-૧૪૨, ધોળાકુવા-૨ | ૬૫.૬૪ |
| ૧૫૮ | ગાંધીનગર-૭૮, સે. ૨૧ | ૫૫.૧૦ | ૨૨૩ | ગાંધીનગર-૧૪૩, ધોળાકુવા-૩ | ૬૫.૬૮ |
| ૧૫૯ | ગાંધીનગર-૭૯, સે. ૨૧ | ૬૫.૦૨ | ૨૨૪ | ગાંધીનગર-૧૪૪, ધોળાકુવા-૪ | ૫૬.૭૪ |